રાજ્યની પ્રાથમિક શિક્ષણનો વહીવટ સંભાળતી અધિકૃત નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર ભથ્થાંની ગ્રાન્ટના પ્રવર્તમાન ધોરણોમાં સુધારો કરી ૧૦૦% ગ્રાન્ટ આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- નશમ/૧૦૧૩/૩/ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૦૮/૦૨/૨૦૧૩

વંચાણે લીધોઃ-

૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા ૧૮/૦૧/૧૩નો પત્ર ક્રમાંક:પ્રાશિનિ/ક/ ગ્રાન્ટ/૨૦૧૩-૪૩૫

<u>પ્રસ્તાવના</u>

રાજ્યની પ્રાથમિક શિક્ષણનો વહીવટ સંભાળતી અધિકૃત નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર ભથ્થા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી હસ્તકના બજેટમાં નિભાવ અનુદાન હેઠળ જોગવાઇ કરવામાં આવે છે. હાલમાં મહાનગરપાલિકાઓને ખર્ચના ૮૦% અને નગરપાલિકાઓને ખર્ચના ૯૫% મુજબ ગ્રાન્ટ આપવામાં આવે છે. ગુણોત્સવલક્ષી લર્નીંગ શિક્ષણનો વ્યાપ વધારવા માટે અધિકૃત નગરપાલિકાઓને આપાવમાં આવતી ગ્રાન્ટના પ્રવર્તમાન ધોરણોમાં સુધારો કરી ૧૦૦% ગ્રાન્ટ રાજ્યની સહાય તરીકે આપવાની જરૂરીયાત જણાતા પ્રાથમિક શાળામાં આરટીઇ-૨૦૦૯ની જોગવાઇઓ ધ્યાને લેતાં નગરપાલિકા હસ્તકની શિક્ષણ સમિતિઓને ગુણવત્તાના આધારે ૧૦૦% પગાર ગ્રાન્ટ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર નીચે મુજબ ઠરાવે છે.

ઠરાવ:

રાજ્યની પ્રાથમિક શિક્ષણનો વહીવટ સંભાળતી અધિકૃત નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર ભથ્થાં માટે ૧૩(તેર) નગરપાલિકાઓને શહેરનો ગુણોત્સવના ગ્રેડ જો રાજ્યના સરેરાશ ગ્રેડ કરતા વધારે હોય તો જ ૧૦૦% ગ્રાન્ટ આપવામાં આવશે.

૨) રાજ્યની ૧૩(તેર) નગરપાલિકાઓને વર્ષ ૨૦૧૩-૧૪માં ગ્રાન્ટ ૯૫%થી વધારીને ૧૦૦% ગ્રાન્ટ આપવાથી જે વધારાનો વાર્ષિક ખર્ચ થશે તે પગારની આયોજન બહારની જોગવાઇમાથી પ્રાથમિક શિક્ષણ કચેરી હસ્તકના બજેટ સદર ૦૯-૨૨૦૨-૦૧-૧૦૬-૦૯ નોન પ્લાન-પ્રાથમિક માટે નિભાવ અનુદાન હેઠળ કરવામાં આવતી જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંક ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૩૧/૦૧/૨૦૧૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.ટી. શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

1. માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માનનીય મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
4. અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, સર્વ શિક્ષા અભિયાન,ગાંધીનગર
6. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
7. સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
8. સર્વે શાસનાધિકારીશ્રીઓ(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
10. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
11. સહાયક નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
12. સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
13. શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
14. કમ્પ્યુટર સેલ. શિક્ષણ વિભાગ. જીસ્વાન પર મૂકવા સારૂ
15. સિલેકટ ફાઇલ/ મદદનીશ સિલેકટ ફાઇલ